## આણંદ જિલ્લામાં ફોરેસ્ટ કવર

*૧૫/૩/૪૫૧ ચિરાગકુમાર પટેલ (ખંભાત): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ફોરેસ્ટ કવર કેટલા વિસ્તારમાં છે, | (૧) | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાના ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રીપોર્ટ-૨૦૨૧ અનુસાર આણંદ જિલ્લામાં ૩૩.૯૮ ચો.કિ.મી વિસ્તારમાં ફોરેસ્ટ કવર આવેલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કવરમાં કેટલો વધારો-ઘટાડો થયો, અને | (૨) | ઉક્ત સ્થિતિએ વર્ષ-૨૦૧૯ અને વર્ષ-૨૦૨૧ની ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાના રિપોર્ટ પ્રમાણે બે વર્ષમાં ઉક્ત કવરમાં ૧૬.૫૦ ચો.કિ.મી.નો ઘટાડો નોંધાયેલ છે. |
| (૩) | ફોરેસ્ટ કવરનો ઘટાડો અટકાવવા સરકારે શાં પગલા લીધા? | (૩) | આણંદ જિલ્લામાં સામાજિક વનીકરણની યોજનાઓ હેઠળ છેલ્લા બે વર્ષમાં ૧૩૭૫ હેક્ટર વિસ્તારમાં વૃક્ષારોપણ તેમજ ૩૨.૭૫ લાખ રોપાઓનું વિતરણ કરી ફોરેસ્ટ કવરમાં ઘટાડો અટકાવવા કામગીરી કરવામાં આવેલ છે. |